# બહાદુર ગુરુગઈઅન

**– અજય બોરિચા**

દક્ષિણ ભારતમાં તાંજોરની પાસે એક અથિનાદ નામનું નાનું શહેર છે. તેની પાસે જ નાનું એવું ગામ છે. ગામમાં કુલ ૨૦ થી ૨૫ મકાન છે. ત્યાંના લોકો પશુપાલનનો વ્યવસાય કરે છે.

બાર વર્ષનો બાળક ગુરુગઈઅન આ ગામમાં રહેતો હતો.

ગુરુગઈઅન એક વીર બાળક હતો તે ખૂબ જ હિંમતવાન અને તેજસ્વી હતો. તેણે અગ્નિની લાલચોળ જ્વાળાઓમાં ઘૂસીને એક નાના બાળકનો જીવ બચાવ્યો હતો.

ગામમાં અન્નામલાઈ નામનો એક સજ્જન ખેડૂત રહેતો હતો. તેનું ઘર પણ બીજાનાં ઘરોની જેમ કાચું અને દક્ષિણ ભારતીય ઢબના મકાન જેવું હતું. તે પોતાના એ મકાનમાં ખૂબ સુખથી રહેતો હતો.

ગરમીના દિવસોમાં એક સાંજે અન્ના મલાઈના મકાનમાં આગ લાગી. થોડી વારમાં આખા મકાનમાં આગ ફેલાઈ ગઈ. તે ફેલાતાં મોટી–મોટી જવાળાઓ થવા લાગી. આગ લાગતાં જ અન્નામલાઈના કુટુંબમાં નાસભાગ થવા લાગી.

થોડીવારમાં કુટુંબનાં બધા લોકો બેબાકળા થઈ રડતાં હતાં. ગામના લોકો ભેગા થઈ ગયા હતા અને ભયભીત આંખોથી આગની જવાળાઓને જોતા હતા. અચાનક કોઈની દુઃખભરી ચીસ સંભળાઈ ''હાય ! મારો છોકરો, પ્રાણથી પણ પ્યારો સર્વરાજ ક્યાં ?''

આ ચીસ અન્નામલાઈની સ્ત્રીની હતી. ઘરમાં આગ લાગી ત્યારે તે ભાગીને બહાર નીકળી ગઈ પરંતુ પોતાનો જીવ બચાવવાની ચિંતામાં ૩–૪ વર્ષના પુત્ર સર્વરાજને ભૂલી ગઈ. તે સમયે સર્વરાજ ભર ઊંઘમાં સૂતો હતો.

ચીસ સાંભળતાની સાથે જ તે બળતાં મકાન તરફ દોડી. પરંતુ લોકોએ તેને પકડી લીધી.

રસ્તા ઉપર ઘણા બધા પુરુષો ભેગા થયા હતાં. પરંતુ કોઈએ ભયંકર જ્વાળાઓમાં ઘૂસીને સર્વરાજને બચાવવાની હિંમત ન કરી.

ત્યાં અન્નામલાઈના ઘર પાસે એકત્ર થયેલ માણસોમાં ગુરુગઈઅન પણ હતો. ૧૨–૧૩ વર્ષનો આ છોકરો ખૂબ જ ગંભીરતાથી આગની લાલચોળ જ્વાળાઓ જોતો હતો. તેણે જોયું કે, અન્નામલાઈ

અને તેની સ્ત્રીની કરુણાજનક ચીસ સાંભળીને પણ સર્વરાજને બચાવવા કોઈએ હિંમત કરી નહીં, ત્યારે તેની નસોમાં હિંમતની વીજળી દોડી ગઈ. તે સમય બગાડયા વગર આંધીની જેમ બળતાં મકાનની તરફ દોડયો. ભેગા થયેલા લોકો ગુરુગઈઅન ગુરુગઈઅન બોલતાં ચીસો પાડી અટકાવવા ગયા પરંતુ ગુરુગઈઅને કોઈનું સાંભળ્યું નહિ. બળતાં મકાનની અંદર ઘૂસી સર્વરાજને શોધવા લાગ્યો. સર્વરાજ ખાટલામાં ભર ઊંઘમાં સૂતો હતો. આગની જવાળાઓ તેના ખાટલાને અડવાનો પ્રયત્ન કરતી હતી.



ગુરુગઈઅને સર્વરાજના ખાટલા પાસે જઈ તેને ઉપાડી લીધો. જે રીતે તે આગની જ્વાળામાં રમતો–રમતો ઘૂસી ગયો હતો તેવી જ રીતે સર્વરાજને ઉપાડીને બહાર નીકળી ગયો.

ગામના ભેગા થયેલા લોકો ગુરુગઈઅનને ખભા પર બેસાડીને તેનો જય–જયકાર કરવા લાગ્યા. તેની હિંમત અને વીરતા પર લોકો મુગ્ધ થઈને કહેવા લાગ્યા : ''ગુરુગઈઅન તેની માતાનો અને ભારત માનો સાચો લાલ છે.''

ગુરુગઈઅનના આ પરાક્રમને કારણે ભારત સરકારે એને સન્માનિત કર્યો. પ્રજાસત્તાક દિનની પરેડમાં ગુરુગઈઅન શણગારેલા હાથીની પીઠ પર બેસીને નીકળ્યો. લાખો લોકોએ તેની બહાદુરીને તાળીઓના ગડગડાટથી બિરદાવી.

■